જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૧/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૧૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૫૫ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩૧૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૧૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાનું મંગળસુત્ર ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૬૧૫/૨૦૨૫**

મણીનગરઃ જયશ્રીબહેન વા/ઓ સંદીપભાઇ કુલકર્ણી (ઉ.વ.૪૨) (રહે. શુકુન સ્ટેટસ રમણાનગર સોસાયટી શ્રધ્ધા હોસ્પીટલ પાસે મણીનગર) તા.૧૨/૧૧/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે મણીનગર સ્વામિનારાયણ મંદિર બીઆરટીએસ બસ સ્ટેન્ડથી જયહિંદ ચાર રસ્તા તરફ જતા મહાદેવ લેન્ડમાર્ક સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જયશ્રીબહેન કુલકર્ણીના ગળામાંથી સોનાનું મંગળસુત્ર પેડલ સહીત કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જયશ્રીબહેન કુલકર્ણી એ તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.પટેલ ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૬૧૬/૨૦૨૫**

બોડકદેવઃ થલતેજ ગામ મેટ્રો સ્ટેશન ખાતે ઈલેક્ટ્રીક સર્વિસ મેન્ટેનન્સનું કામ કરતા નયનભાઇ પુનમચંદ જાગીરદાર (ઉ.વ.૩૧) (રહે. હરી ઘાંચીની ચાલી રાજપુર ગોમતીપુર) તા.૧૫/૧૧/૨૦૨૫ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે થલતેજ ગામ મેટ્રો સ્ટેશન ખાતે કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડોશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દેવેન્દ્રસિહ જીતેન્દ્રસિહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૬૧૭/૨૦૨૫**

ઓઢવઃ ભીખાભાઇ ઇશ્વરભાઇ પટેલ (ઉ.વ.૪૫) (રહે. જય શક્તિ કોલોની પંચદેવ મંદીર પાસે અર્બુદાનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૧/૨૦૨૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન રાતના ૦૯/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

રામોલઃ વંદનાબહેન ધર્મેન્દ્રસિંહ તોમર (૩.વ.૩૬) (રહે. જલપરી સોસાયટી વસ્ત્રાલ) એ બિમારીથી કંટાળી તા.૧૫/૧૧/૨૦૨૫ સવારના ૦૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી